બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત
તકોનો પ્રશ્ન હાથ ધરવા માટે
સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંકઃ પગર–૧૦૯૮–૪૧–મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૮.

વંચાણમાં લીધાઃ–(૧) સરકારી ઠરાવ નાણા વિભાગ ક્રમાંકઃ પગર–૧૧૯૪–૪૪–મ,
તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૪.
(૨) સરકારી ઠરાવ નાણા વિભાગ ક્રમાંકઃ પગર–૧૧૯૪–૪૫–મ,
તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૪.
(૩) સરકારી ઠરાવ નાણા વિભાગ ક્રમાંકઃ પગર–૧૦૯૮–૧–મ,
તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૮.
(૪) સરકારી જાહેરનામા ક્રમાંકઃ (જીએન–૨) પગર–૧૦૯૮–૨–મ,
તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮.

ઠ રા વ :–

આમુખ (૪)માં દર્શાવેલ જાહેરનામા ધ્વારા ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૯૮; તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી અમલમાં આવેલ છે. આ પગાર સુધારણાના પરિણામે આમુખ (૧) અને (૨) માં દર્શાવેલ ઠરાવો ધ્વારા અમલમાં મુકવામાં આવેલ ઉચ્ચતર પગાર પગાર ધોરણની યોજનામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) જે જગ્યાનો પગાર અથવા પગાર ધોરણનો મહત્તમ તબકકો માસિક રૂા. ૧૦,૫૦૦/– કરતાં વધતો ન હોય તેવી જગ્યાઓને આ યોજના લાગુ પડશે.

(૨) પ્રથમ, ધ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ, પરંતુ જે જગ્યા માટે જુદા જુદા પગાર ધોરણની એક થી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે, તેમનો પ્રથમ ,ધ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણનો પગાર, બઢતીની જગ્યાઓમાંની સૌથી નીચલી જગ્યાના પગાર પગાર ધોરણનો પગાર ગણાશે;

...૨...

પરંતુ વધુમાં, બઢતીનું કોઈ પગાર ધોરણ ન હોય એવા કેસમાં તેના હાલના પગાર ધોરણને મળતું આવતું પ્રથમ, ધ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ, આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે;

પરંતુ વિશેષમાં, જુદા જુદા પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓના પ્રથમ, ધ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ, બઢતીના પગાર ધોરણને બદલે, તેના હાલના પગાર ધોરણ સાથે મળતું આવતું આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ રહેશે.

(૩) આ યોજના હેઠળ મળવાપાત્ર ઊંચામાં ઊંચું પગાર ધોરણ રૂા. ૮૫૦૦–૧૪૦૦૦ ના પગાર ધોરણથી વધશે નહિ. આ પગાર ધોરણ રૂા. ૬૫૦૦–૧૦૫૦૦ ના પગાર ધોરણવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગાર ધોરણ રૂા. ૮૫૦૦–૧૪૦૦૦ કે એથી વધુ હોય એને મળવાપાત્ર થશે. બઢતીની જગ્યાનું પગાર ધોરણ રૂા. ૮૦૦૦–૧૪૦૫૦ અથવા રૂા. ૮૦૦૦–૧૩૫૦૦ નું હોય તો ઉચ્ચતર પગાર ધોરણ યથાપ્રસંગ રૂા. ૮૦૦૦–૧૪૦૫૦ અથવા રૂા. ૮૦૦૦–૧૩૫૦૦ રહેશે. રૂા. ૬૫૦૦–૧૦૫૦૦ ના પગાર ધોરણવાળી જગ્યાઓના કેસમાં જો કોઈ બઢતીની જગ્યા ન હોય તો રૂા. ૮૦૦૦–૧૩૫૦૦ ના પગાર ધોરણને ઉચ્ચતર પગાર ધોરણ ગણવાનું રહેશે.

નોંધ:– રૂા. ૮૫૦૦–૧૪૦૦૦ અને રૂા. ૮૦૦૦–૧૪૦૫૦ કામચલાઉ પગાર ધોરણો છે અને સરકાર રચેલ પગાર વિસંગતતા નિવારણ સમિતિની ભલામણો અને તેના ઉપરના સરકારના નિર્ણયને આધીન રહેશે. આ પગાર ધોરણોની પાત્રતા ધરાવતા કર્મચારીએ નમૂના મુજબ લેખિત બાંહેધરી આપવી પડશે.

(૪) નાણા વિભાગના તા. ૧૯મી જુન, ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંકઃ ઈસીઆર–૧૦૮૭–૨૪–મ, હેઠળ દાખલ કરાયેલ સ્થગિતતા ઈજાફાની યોજના હવે એવા ફેરફાર સાથે ચાલુ રહે છે કે જેમને ઉચ્ચતર પગાર ધોરણની યોજના લાગુ પડતી નથી અને જે પગાર ધોરણમાં મહત્તમ પગાર માસિક રૂા. ૨૨૪૦૦/– કરતાં વધુ ન હોય તે પગાર ધોરણમાં કામ કરતા કર્મચારીઓને સ્થગિતતા ઈજાફાની યોજના લાગુ પડશે. આ અંગેના હુકમો અલગ રીતે બહાર પાડવામાં આવી રહયા છે.

(૫) ઉચ્ચતર પગાર ધોરણની યોજના ભારત સરકારના હુકમો જ્યારે અને જેમ બહાર પડે તે પ્રમાણેની ફેરવિચારણાને આધીન રહેશે.

(૬) આ મુજબ તા. ૧લી જાન્યુઆરી,૧૯૯૬ કે ત્યારબાદ ઉચ્ચતર પગાર ધોરણની યોજના

...૩...

હેઠળ પાત્રતા ધરાવતા કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે. પગારની લેણી થતી રકમની ચુકવણી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૯૮ના નિયમ–૧૧ મુજબ કરવાની રહેશે.

(૭) આમુખ–૧ અને ૨ માં દર્શાવેલ ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એલ. ટી. જોષી**
ઉપ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

× માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે ખાતાના/કચેરીના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલ–૨ (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ / શાખાઓ.
સર્વે માન્ય મંડળો.
સિલેકટ ફાઈલ, મ– શાખા.

---

× પત્ર દ્વારા.

...૪...

## અનુસૂચિ

| ક્રમ નંબર | તા.૧–૧–૧૯૯૬થી સુધારેલ પગાર ધોરણ (રૂા.) | તા. ૧–૧–૧૯૯૬ થી મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ (રૂા.) |
|---|---|---|
| (૧) | ૨૫૫૦ – ૩૨૦૦ | ૨૬૧૦ – ૩૫૪૦ |
| (૨) | ૨૬૧૦ – ૩૫૪૦ | ૨૬૫૦ – ૪૦૦૦ |
| (૩) | ૨૬૫૦ – ૪૦૦૦ | ૩૦૫૦ – ૪૫૯૦ |
| (૪) | ૨૭૫૦ – ૪૪૦૦ | ૩૨૦૦ – ૪૯૦૦ |
| (૫) | ૩૦૫૦ – ૪૫૦૦ | ૪૦૦૦ – ૬૦૦૦ |
| (૬) | ૩૨૦૦ – ૪૯૦૦ | ૪૦૦૦ – ૬૦૦૦ |
| (૭) | ૩૦૫૦ – ૪૫૯૦ | ૪૦૦૦ – ૬૦૦૦ |
| (૮) | ૪૦૦૦ – ૬૦૦૦ | ૪૫૦૦ – ૭૦૦૦ |
| (૯) | ૪૫૦૦ – ૭૦૦૦ | ૫૦૦૦ – ૮૦૦૦ |
| (૧૦) | ૫૦૦૦ – ૮૦૦૦ | ૫૫૦૦ – ૯૦૦૦ |
| (૧૧) | ૫૫૦૦ – ૯૦૦૦ | ૬૫૦૦ – ૧૦૫૦૦ |
| (૧૨) | ૫૬૫૫ – ૯૧૫૫ | ૬૫૦૦ – ૧૦૫૦૦ |
| (૧૩) | ૬૫૦૦ – ૧૦૫૦૦ | ૮૦૦૦ – ૧૩૫૦૦ |

...૫...

## બાંયધરી પત્રક

હું, આથી, નાણા વિભાગના તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૮ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ પગર–૧૦૯૮–૪૧–મ હેઠળ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પગાર નક્કી થવાને લીધે, મને ચુકવાયેલ વધારાની રકમ, પગાર ધોરણો આખરી થયે મારી બાકી નીકળતી રકમ હોય તો તે, પરત કરવા સંમત થાઉ છું.

સહીઃ–

સ્થળઃ–

નામઃ–

તારીખઃ–

હોદ્દોઃ–

જ્યાં કામે રાખેલ
હોય તે કચેરી :–

મારી સમક્ષ સહી કરી

સહીઃ–

(બિન રાજ્યપત્રિત સરકારી કર્મચારીના કેસમાં) કચેરીના વડા

સહીઃ–

(રાજ્યપત્રિત અધિકારીના કેસમાં) અન્ય રાજ્યપત્રિત અધિકારી.